GFKC launches Internship Program aimed at Smart Talent Management

# જીએફકેસી દ્વારા સ્માર્ટ ટેલેન્ટ મેનેજમેન્ટના ઉદ્દેશથી ઈન્ટર્નશિપ પ્રોગ્રામનો પ્રારંભ

અમદાવાદ, બુધવાર

ગ્રીનફીલ્ડ નોલેજ સેન્ટર (જીએફકેસી) દ્વારા જીએફકેસી ઈન્ટર્નશિપ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ દ્વારા નોકરી માટેની પાત્રતા વધારવાનો છે.

આ પ્રયાસ આઈટીઈ, અમદાવાદ સેન્ટરના સહયોગથી પેરેન્ટ કંપનીની કોર્પોરેટી સામાજીક જવાબદારીના ભાગ તરીકે હાથ ધરવામાં આવ્યો છે.

હાલની પરિસ્થિતિમાં સામાન્ય રીતે ઉદ્યોગો તથા ખાસ કરીને નાના અને મધ્યમ કદનાં એકમો કુશળ માનવબળની તંગી અનુભવી રહ્યાં છે. તો બીજી તરફ નોકરી શોધતા યુવાનોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે અને એમાંના ઘણા લોકો યોગ્ય નોકરી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ સ્થિતિ માત્ર ગુજરાતમાં જ છે તેવું નથી પણ દેશના તમામ ભાગોમાં આવી જ હાલત છે.

આ સંજોગોમાં જીએફકેસી દ્વારા આકરા સંશોધન, ચર્ચાઓ, પરામર્શ અનવે અજમાયશને આધારે એક સ્માર્ટ ટેલેન્ટ મેનેજમેન્ટ પ્રક્રિયા વિકસાવવામાં આવી છે અને જીએફકેસી ઈન્ટર્નશિપ પ્રોગ્રામ એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે યોગ્ય ઉમેદવાર પસંદ કરી શકાય અને સઘન તાલિમ દ્વારા તેનામાં કૌશલ્ય નિર્માણ કરી શકાય.

આ પ્રોગ્રામ અંગે વિગતો આપતાં જીએફકેસીના ચેરમેન જી.ડી.પટેલ જણાવે છે કે "અમે તાજેતરમાં પ્રથમ પાયોલટ ઈન્ટર્નશિપ પ્રોગ્રામ શરૂ કર્યો છે અને પ્રથમ બેચ માટે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓના ઈન્ટર્વ્યુ લેવામાં આવ્યા હતા અને તેમાંથી ૨૪ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા છે.